# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિક્કિમને ચાર હજાર કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓની ભેટ આપી

2) SCOમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતે આતંકવાદને નેસ્ત નાબૂદ કરવાનો સંકલ્પ દર્શાવ્યો

3) ગુજરાતમાં 26 એપ્રિલે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરીમાં અત્યાર સુધીમાં ભાજપ અગ્રેસર

4) પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં સાત જિલ્લાઓની 142 બેઠકો માટે આવતીકાલે મતદાન

5) દાઉદ ઇબ્રાહિમના સાથી અને ડ્રગ્સ તસ્કર મોહમ્મદ સલીમ દોલાને ભારત લવાયો

6) આઇપીએલમાં આજે ચંદીગઢમાં પંજાબ કિંગ્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે થશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-SIKKIM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સિક્કિમમાં પ્રતિભાની કોઈ કમી નથી. શ્રી મોદીએ પાલજોર સ્ટેડિયમ ખાતે રાજ્યના ૫૦મા સ્થાપના સમારોહના સમાપન પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ૪ હજાર  કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો અને ઉત્તર પૂર્વ ક્ષેત્ર માટે છ ક્રિકેટ એકેડેમીની જાહેરાત કરી.

(BYTE: PM ON INFRASTRUCTURE)

શ્રી મોદીએ સિક્કિમને "પૂર્વનું સ્વર્ગ" ગણાવતા  પ્રવાસીઓને તેના પ્રખ્યાત ઓર્કિડની મુલાકાત લેવા અપીલ કરી.

(BYTE: PM ON ORCHID)

સિક્કિમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુર અને મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ, મંત્રીઓ અને સંસદસભ્યો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે "એકતાના ૧૦૦૦ પગલાં" નામનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૧,૫૦૦ થી વધુ કલાકારોએ દેશની સમૃદ્ધ કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું હતું. શ્રી મોદીએ આ પ્રદર્શનને "એક ભારત, શ્રેષ્ઠ ભારત" ની ભાવનાનું સાચું પ્રતિબિંબ ગણાવ્યું હતું.

# DAY -PM VNS MAHILA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં  મહિલા સંમેલનમાં ભાગ લેશે. તેઓ વારાણસીમાં લગભગ 6 હજાર 350 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે તેઓ સભાને સંબોધન પણ કરશે.

અમારાં આકાશવાણીના સંવાદદાતાના અહેવાલ મુજબ, પ્રધાનમંત્રી વારાણસીમાં ઘણા વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરશે.

# RAJNATH- SCO MEETING (EARLY)

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના મહત્વ અંગે વાત કરી હતી. કિર્ગિસ્તાનના બિશ્કેકમાં SCO સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં બોલતા, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે SCO વિશ્વની કેટલીક સૌથી પ્રાચીન સંસ્કૃતિઓના પાયામાં છે.

મંત્રીએ કહ્યું કે આપણો પ્રદેશ પ્રાચીન વેપાર માર્ગોની ઉદ્યોગસાહસિક ભાવના અને આપણા લોકોની બહાદુરી અને હિંમતને દર્શાવે છે. તેમણે કહ્યું કે ભારત એક અનોખી નૈતિકતા ધરાવે છે.

પહેલગામમાં થયેલા ધૃણાસ્પદ આતંકવાદી હુમલાના પીડિતોને યાદ કરતા, શ્રી સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતે પોતાનો દૃઢ સંકલ્પ દર્શાવ્યો હતો કે આતંકવાદના કેન્દ્રો હવે વાજબી સજાથી મુક્ત નથી.

તેમણે ભાર મૂક્યો કે ગયા વર્ષે તિયાનજિન ઘોષણાએ આતંકવાદ સામે દૃઢ અને સામૂહિક વલણને ઉજાગર કર્યું હતું.

(BYTE: રાજનાથસિંહ, સંરક્ષણ મંત્રી)

## GUJ LOCAL BODY RESULTS

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની મતગણતરી ચાલી રહી છે. જેમાં ભાજપ તમામ 15 મહાનગરપાલિકામાં આગળ છે અને ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નિર્ણાયક લીડ ધરાવે છે. નગરપાલિકાઓમાં, ભાજપે 872 બેઠકો જીતી છે, જ્યારે કોંગ્રેસે 128 બેઠકો અને અન્યોએ 68 બેઠકો જીતી છે. જિલ્લા પંચાયતોમાં, ભાજપે 263 બેઠકો, કોંગ્રેસે 30 બેઠકો જ્યારે અન્યોએ 12 બેઠકો જીતી છે. તાલુકા પંચાયતોમાં, ભાજપ 1,262 બેઠકો સાથે આગળ છે, ત્યારબાદ કોંગ્રેસ 260 બેઠકો પર અને અન્યને 99 બેઠક મળી છે.

રાજ્યમાં 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકાઓ, 34 જિલ્લા પંચાયતો અને 260 તાલુકા પંચાયતોની ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાયું હતું. રાજ્યભરના 382 મતગણતરી કેન્દ્રો પર આજે શાંતિપૂર્ણ રીતે મતગણતરી શરૂ થઈ હતી. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના મુખ્ય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારો દ્વારા લડવામાં આવતી આ ચૂંટણીને

પાયાના સ્તરે રાજકીય તાકાતના મહત્વપૂર્ણ સૂચક તરીકે જોવામાં આવી રહી છે.

# DAY WB POLLING

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આવતીકાલે થશે. સાત જિલ્લાઓની ૧૪૨ બેઠકો માટે સવારે 7 વાગ્યાથી મતદાન શરૂ થશે.

આ તબક્કામાં 3 કરોડ 20 લાખથી વધુ લાયક મતદારો છે, જેમાં 1 કરોડ 50 લાખથી વધુ મહિલાઓ અને 792 તૃતીય-લિંગ મતદારોની યાદી છે. સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ એપેલેટ ટ્રિબ્યુનલે વધારાની મતદાર યાદી પણ બહાર પાડી છે, જેનાથી વધુ નાગરિકો મતદાન કરી શકશે.

આ તબક્કામાં કુલ 1 હજાર 448 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, જેમાં 220 મહિલાઓનો સમાવેશ થાય છે. કેન્દ્રીય દળોની 2 હજાર 321 કંપનીઓ તૈનાત કરાઇ છે.  કુલ 41 હજાર 1 મતદાન મથકો જેમાં 8 હજાર 845 મહિલા સંચાલિત કેન્દ્રો, 298 મોડેલ બૂથ અને 13 વિશેષ રીતે દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા સંચાલિત કરાશે. 23 એપ્રિલે યોજાયેલા પ્રથમ તબક્કામાં 93.19 ટકા મતદાન થયું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## SALIM DOLA - INDIA

**કુખ્યાત દાઉદ ઇબ્રાહિમના નજીકના સાથી અને નશાકારક પદાર્થોની હેરફેરીમાં કુખ્યાત મોહમ્મદ સલીમ દોલાને આજે ભારત લાવવામાં આવ્યો.**

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ તુર્કીથી સલીમ દોલાને પરત લાવવામાં મોટી સફળતા મેળવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું કે દેશની માદક દ્રવ્યો વિરોધી એજન્સીઓએ વૈશ્વિક એજન્સીઓના મજબૂત નેટવર્ક દ્વારા સરહદો પાર પોતાનું કાર્ય વિસ્તાર્યું છે.**

# GOYAL - CRITICAL MINERALS

ખાણ મંત્રાલયના સચિવ પીયૂષ ગોયલે જણાવ્યું કે ભારત સ્વચ્છ ઉર્જા, અદ્યતન ટેકનોલોજી અને આર્થિક સ્થિતિસ્થાપકતા માટેમહત્વપૂર્ણ ખનીજોને સુરક્ષિત કરવા માટે પ્રયાસો વધારી રહ્યું છે.

નવી દિલ્હીમાં 'ટકાઉ ભવિષ્ય માટે મહત્વપૂર્ણ ખનીજો મૂલ્ય શૃંખલાવિકસાવવી' વિષય પર સમિટમાં સંબોધન કરતાં તેમણે ગૌણ સંસાધનોનોઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

તેમણે કહ્યું કે રાષ્ટ્રીય મહત્વપૂર્ણ ખનીજોમિશનનો ઉદ્દેશ્ય સંશોધન, હરાજી, પ્રક્રિયા અને રિસાયક્લિંગમાં સુધારા દ્વારા લાંબાગાળાના પુરવઠાને સુનિશ્ચિત કરવાનો છે. તેમણે કહ્યુંકે તાજેતરના વર્ષોમાંસેંકડો સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે અને ખનિજ બ્લોક હરાજીમાં વધારોથયો છે. સ્થાનિક પ્રક્રિયા ક્ષમતાની જરૂરિયાત પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે મૂલ્ય શૃંખલા વિના, સ્ત્રોતમાંથી મેળવેલા ખનીજોનો પણ સંપૂર્ણ ઉપયોગ કરીશકાતો નથી. શ્રી ગોયલે ઉમેર્યું કે ભારત ભવિષ્ય માટે સ્થિતિસ્થાપક અને ટકાઉ પુરવઠાશૃંખલા બનાવવા માટે પરિવર્તનશીલ યાત્રા પર છે.

# PURI- OIL WELL

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ ઓઇલ ઇન્ડિયા લિમિટેડ અને ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડને લિબિયાના

ઘડામેસ બેસિનમાં કોન્ટ્રાક્ટ વિસ્તારમાં નવી તેલ અને ગેસ શોધ બદલ અભિનંદન પાઠવ્યા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, મંત્રાલયે માહિતી આપી હતી કે કૂવો 8 હજાર 440 ફૂટની અંતિમ ઊંડાઈ સુધી પૂર્ણ થયો હતો અને દરરોજ 13 મિલિયન ઘન ફૂટ ગેસ અને 327 બેરલ કન્ડેન્સેટનું ઉત્પાદન પ્રાપ્ત કર્યું હતું. શ્રી પુરીએ જણાવ્યું હતું કે આ શોધ ભારતીય ઉર્જા કંપનીઓના વધતા વૈશ્વિક પગલા, વ્યૂહાત્મક આંતરરાષ્ટ્રીય જોડાણોનું મહત્વ અને રાષ્ટ્રીય તેલ કંપનીઓ દ્વારા વિદેશી સંપત્તિ સંપાદન દ્વારા રાષ્ટ્રીય ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવાની દેશની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# IPL

IPL ક્રિકેટમાં, આજે પંજાબ કિંગ્સ રાજસ્થાન રોયલ્સનો સામનો કરશે. આ મેચ ન્યૂ ચંદીગઢના મહારાજા યાદવેન્દ્ર સિંહ સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગઈકાલે રાત્રે દિલ્હીમાં રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સને નવ વિકેટથી હરાવ્યું.

-------------------------------------